# શહેરમાં ગરબા ક્લાસીસ ધમધમતા થયા

**ગરબારસીકો ઉત્સાહપૂર્વક ગરબા શીખવા માટે ગરબા ક્લાસીસમાં જોડાઈ રહ્યા છે : સતત ૨ વર્ષ બાદ ગરબારસીકોમાં આનંદો છવાયો**





ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરમાં ગરબા ક્લાસીસનો શુભારંભ થઈ રહ્યો છે. રવિવારથી ઘણી બધી જગ્યાએ ગરબાની રમઝટ ચાલી રહી છે. શહેરમાં મોટાભાગના ગરબા ક્લાસીસ ૧ જુલાઈથી શરૂ થવા જઈ રહ્યા છે અને ઘણા ગરબા ક્લાસીસ રવિવારે શરૂ થઈ ગયા છે. ગાંધીનગરના ગરબાપ્રેમીઓની આતુરતાનો અંત આવ્યો છે. ગરબા ખેલૈયાઓ બે વર્ષથી નીરાશ દેખાઈ રહ્યા હતા જે આ વર્ષે ગરબા રમવા માટે થનગની ઉઠ્યા છે અને ગરબા ક્લાસમાં જઈને ગરબાની વિવિધ સ્ટેપની તૈયારીઓ આરંભી દીધી છે. ગાંધીનગરમાં દરેક સેક્ટરે એક-બે ગરબા ક્લાસીસ છે. કેટલાક તો પોતાના ઘરે જ ગરબા ક્લાસ ચલાવે છે જેમાં કોઈ ભાડુ આપવાની ઝંઝાળ રહેતી નથી.

ગુજરાતીઓનો મનપસંદ તહેવાર એટલે નવરાત્રિ અને ગરબે ગુમતા ખેલૈયાઓ દર વખતે નવા નવા સ્ટેપ સાથે ગરબા રમી નવરાત્રિનો આનંદ માણતા હોય છે. ત્યારે ગાંધીનગરમાં આ વર્ષે ઉત્સાહપૂર્વક ગરબા ક્લાસમાં જોડાઈ રહ્યા છે. ગરબાપ્રેમીઓ આ વર્ષે મન મુકીને ગરબા રમવાના મૂડમાં જોવા મળી રહ્યા છે. દર વર્ષે ગરબાના સ્ટેપમાં પણ નવીનતા જોવા મળતી હોય છે. ખેલૈયાઓ પણ અલગ અલગ સ્ટેપ શીખવામાં ઉત્સાહ ધરાવતા ગરબા ક્લાસ સંચાલકો દ્વારા આ વર્ષે પણ નવા નવા સ્ટેપ તૈયાર કરાયા છે. ઓનલાઈન ક્લાસ પણ ઓન ડિમાન્ડમાં છે. લોકો ઘરે બેઠા જ ગરબા શીખી રહ્યા છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ અવનવા ગરબાના ગીતોની રમઝટ જોવા મળશે. જેમાં ગરબારસીકો બે વર્ષની નિરાશા આ વર્ષે ઠાલવશે અને નવે નવ દિવસ ગરબા રમીને નવરાત્રિની ઉજવણી કરશે. ગરબા ક્લાસિસ સંચાલકો પણ કોરોનાના કારણે સતત બે વર્ષ નિરાશ થઈ ગયા હતા. જે લોકો માત્ર ગરબા ક્લાલીસ પર નભતા હોય તેવા લોકોનો ધંધા બે વર્ષ સંપૂર્ણ ખોટમાં ગયો હતો. જેમણે નાના મોટા અન્ય વ્યવસાય પણ શરૂ કરી દીધા હતા. ત્યારે આ વર્ષે ગરબા સંચાલકોમાં આનંદો છવાયો છે. ગરબા સંચાલકોની સાથે સાથે નવરાત્રિના તહેવાર સાથે સંકળાયેલા તમામ વ્યવસાયકર્તાઓમાં ખુશીની લાગણી જોવા મળી રહી છે. જેમાં સંગીતકારો, મંડપવાળા, બેન્ડવાળા, ચણિયાચોળીનો વ્યવસાય કર્તાઓનો સમાવેશ થાય છે.

## છાત્રોને ભાજપમાં જોડાવાની સુચના બદલ આચાર્ય સસ્પેન્ડ

**ભાવનગરની મહિલા કોલેજના કાર્યકારી આચાર્યા રંજનબાળા એ. ગોહિલને સસ્પેન્ડ કરવામાં આવ્યા**

ભાવનગર, તા.૨૭

ભાવનગરની ગાંધી મહિલા કોલેજના આચાર્યએ કોલેજની તમામ વિદ્યાર્થીનીઓને ભાજપના પેજ પ્રમુખ બનવા માટે એક લેખિત સૂચના આપી હતી. વિવિધ રાજકીય પક્ષ દ્વારા કોલેજના પ્રિન્સિપાલની આ સૂચનાનો ભારે વિરોધ કરવામાં આવ્યો હતો અને પ્રિન્સિપાલ વિરૂદ્ધ આકરી કાર્યવાહીની માગણી કરવામાં આવી હતી. ત્યાર બાદ તે પ્રિન્સિપાલને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે.

સમગ્ર વિવાદ બાદ આ પ્રકારની નોટિસ બહાર પાડનારા કાર્યકારી આચાર્યા રંજનબાળા એ. ગોહિલે પોતાને કોઈની સૂચના નહોતી મળી પરંતુ પોતાની ગેરસમજણ અને શરતચુકના કારણે નોટિસ બહાર પાડી હતી તેમ જણાવ્યું છે. આ સાથે જ તેમણે તે નોટિસ રદ ગણવા જણાવ્યું છે. ગુજરાતીમાં લખાયેલી આ નોટિસમાં એવો ઉલ્લેખ હતો કે, ભાજપમાં પેજ કમિટીના સભ્ય તરીકેની નોંધણી માટે દરેક વિદ્યાર્થીનીઓએ ૨૫મી તારીખથી પોતાનો પાસપોર્ટ સાઈઝનો ફોટો લઈને આવવો. સાથે જ ભાજપના સદસ્યતા અભિયાનમાં જોડાવા માટે મોબાઈલ ફોન લાવવા પણ કહેવામાં આવ્યું હતું.

કોંગ્રેસ દ્વારા આ અંગે ભારે વિરોધ કરવામાં આવ્યો હતો અને સોમવારે પણ મોટા પાયે પ્રદર્શન કરવાની યોજના હતી પરંતુ આ બધા વિરોધ વચ્ચે પ્રિન્સિપાલને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. કોલેજના ટ્રસ્ટી ધીરેન્દ્ર વૈષ્ણવે જણાવ્યું કે, પ્રિન્સિપાલના આ પગલાં બાદ ટ્રસ્ટે એક મીટિંગ બોલાવીને તેમને સસ્પેન્ડ કરી દીધા છે.

## તાપમાન ઘટ્યું પણ ભેજ યથાવત હોવાથી બફારાનો માહોલ

**રવિવાર સાંજના હળવાં વરસાદને પગલે શહેરમાં તાપમાનનો પારો ૭ ડિગ્રી ગગડ્યો વાતાવરણમાં ભેજનું પ્રમાણ સતત ૬૦ ટકાથી વધુ રહ્યું : વરસાદે હાથતાળી આપી**

ગાંધીનગર, તા.૨૭

રવિવારે સાંજે સર્જાયેલ વરસાદી વાતાવરણને પગલે તેમજ આજે પણ શહેરમાં સવારથી જ વાદળછાયું વાતાવરણ સર્જવાથી ગરમીનો પારો ૭ ડિગ્રી ગગડવા પામ્યો છે. આજે શહેરમાં મહત્તમ તાપમાન ૩૪ ડિગ્રી સે. નોંધાયું હતું જયારે લઘુત્તમ તાપમાન ૨૫.૯ ડિગ્રી નોંધાયું હતું. વાતાવરણમાં ભેજનું પ્રમાણ સવારે ૭૧ ટકા હતું જે સાંજે પણ ઘટીને ૬૧ ટકા સુધી રહેવા પામ્યું હતું.

શહેરીજનો ઘણા દિવસથી વરસાદની કાગડોળે વાટ જોઈ રહ્યા છે અને રવિવારે સાંજે આકાશમાં ગાજવીજ અને પવન સાથે વરસાદી માહોલ સર્જાયો હતો અને શહેરના કેટલાક ભાગોમાં હળવા વરસાદી ઝાપટાં પડ્યાં હતાં જેના પગલે વાતાવરણમાં આહલાદક ઠંડક છવાઈ હતી. આજે સોમવારે પણ શહેરમાં સવારથી જ આકાશમાં વાદળોની હાજરી નોંધાઈ હતી અને દિવસ દરમ્યાન સતત વાદળછાયું વાતાવરણ રહેવાને પગલે ગરમીમાં રાહત અનુભવાઈ હતી. રવિવારે મહત્તમ તાપમાન ૪૧.૨ ડિગ્રી સેલ્સિયસ હતું જ્યારે આજે સોમવારે તે ૭.૨ ડિગ્રી ઘટીને ૩૪ ડિગ્રી સે. નોંધાયું હતું. જોકે બીજી તરફ વાતાવરણમાં ભેજનું પ્રમાણ રવિવાર કરતા આજે સતત વધુ રહેવા પામ્યું હતુ અને રવિવારે સાંજે નોંધાયેલા ૪૯ ટકા ભેજના પ્રમાણમાં સોમવારે સાંજે ભેજનું પ્રમાણ ૬૧ ટકા નોંધાયું હતું. વાતાવરણમાં ભેજ વધુ રહેવાને કારણે શહેરીજનોને દિવસ દરમ્યાન સતત ઉકળાટ અને બફારાનો અનુભવ થયો હતો. આજે પણ શહેરના આકાશમાં સતત વાદળોની હાજરી જોવા મળી નથી પરંતુ આજે વરસાદની આશા ઠગારી નીવડી હતી.

## અંબાજીમાં અષાઢી બીજથી દર્શન અને આરતીના સમયમાં ફેરફાર

**આરતીના સમયમાં ફેરફાર : અષાઢી બીજના દિવસે પવિત્ર માનસરોવરમાં નવા નીરના વધામણા પણ કરવામાં આવશે**

અમદાવાદ, તા.૨૭

યાત્રાધામ અંબાજી ખાતે અંબાજી મંદિરમાં પ્રણાલીકા મુજબ અને સુર્યોદય અને સુર્યાસ્તના સમયમાં ફેરફાર થવાથી અંબાજી આવતા લાખ્ખો શ્રદ્ધાળુઓ ની સગવડ અને સરળતાથી દર્શન થઈ થકે તેવી સગવડ માંટે અંબાજી મંદિરમાં તારીખ ૧ જુલાઇ એટલે કે અષાઢી બીજથી દર્શન અને આરતીના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. તેમજ હવે પછી અંબાજી મંદિરમાં ત્રણ વખત થતી આરતી અષાઢીબીજથી બે વખત જ કરવામાં આવશે. બપોરે કરાતી આરતી બંધ કરાશે અને દર્શન આરતી ના સમય માં પણ ફેરફાર થશે સવારે મંદિર ૧૦.૪૫ કલાકે બંધ થતો હતો તેના બદલે હવે ૧૧.૩૦ સુધી લંબાવાયો છે અને માતાજી ની સાતે દિવસ ની સવારી નાં દર્શન જે માત્ર ૧૦.૪૫ સુધી થતાં હતા જે હવે ૪.૩૦ કલાક સુધી દર્શન નો લાભ મળશે. અષાઢીબીજ થી દર્શન નો સમય આ પ્રમાણે નક્કી કરવા માં આવેલ છે એટલુજ નહી અષાઢી બીજ ના દિવસે પવિત્ર માનસરોવર માં નવા નીરના વધામણા પણ કરવામાં આવશે.

## આંગણવાડીના "સહયોગી" બનશે ડૉ. હિમાંશુ પટેલ

**ગુજરાતની ૫૫ હજાર આંગણવાડીનાં ૧૬ લાખ ભૂલકાંઓને શ્રેષ્ઠ શિક્ષણ માટે આંગણવાડીનાં "સહયોગી" બનવા સૌને ડો. હિમાંશુ પટેલની વિનંતી**

ગાંધીનગર, તા. ૨૭

આંગણવાડીમાં રમતાં – કુદતાં ભૂલકાંઓને સુવિધાસભર આધુનિક શિક્ષણ આપી શ્રેષ્ઠ માનવી બનાવવા ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે "સહયોગી" થવાનો ઉમદા સંકલ્પ કર્યો છે. ડૉ. હિમાંશુ પટેલે તેમના જન્મદિને ગાંધીનગર જિલ્લાનાં અડાલજ ગામની એક આંગણવાડીમાં "સહયોગી" બનવાનો નિર્ણય કરતાં સમગ્ર રાજ્યની દરેક આંગણવાડીમાં "સહયોગી" થવા વિવિધ સંસ્થાઓ,



શિક્ષણવિદો, રાજકારણીઓ, દાનવીરો, એનઆરઆઈ તેમજ મિત્રોને નમ્ર અપીલ કરી છે.ગુજરાત પ્રદેશ કોંગ્રેસનાં પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલ દ્વારા ૨૮મી જૂને તેમનાં જન્મદિન પ્રસંગે અડાલજ ગામની એક આંગણવાડીમાં "સહયોગી" બનવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ પ્રસંગે ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે કે, આંગણવાડીમાં રમતાં- કુદતાં ભૂલકાંઓ ઈશ્વરનું વરદાન છે. આ બાળકોને ઉત્તમ શિક્ષણ આપી શ્રેષ્ઠ માનવી બનાવવા તે દરેકનાં જીવન માટે યાદગાર દાન છે. ગુજરાત રાજ્યમાં અત્યારે કુલ ૫૫ હજાર જેટલી આંગણવાડીઓમાં ૧૬ લાખ બાળકો ભણતર મેળવી રહ્યાં છે. આ બાળકોનું કોઈપણ પ્રકારની આર્થિક મુશ્કેલીઓ વગર જીવનમાં ઘડતર થાય તે જરૂરી છે.





જય સીયારામ સુંદરકાંડ ગ્રુપ ગાંધીનગર દ્વારા તારીખ ૨૬-૬-૨૦૨૨ ને રવિવારના રોજ વાવોલ ખાતે વાર્ષિક પાટોત્સવ સુંદરકાંડ પાઠનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દાદાને છપ્પન ભોગની પ્રસાદી ધરવામાં આવી હતી. વાવોલ ખાતે નગરજનોએ બહોળી સંખ્યામાં દાદાની પ્રસાદી અને દાદાના આશીર્વાદનો લાભ લીધો હતો.

**ગ્રામ વિકાસ સદભાવના યોજના અન્વયે**

## વિવિધ ગામોમાં કામ શરૂ થતા હજુ એકાદ મહીનાનો સમય લાગશે

**ગુડાએ યોજના અન્વયે માળખાગત સુવિધાના કામો હાથ ધરવા માટે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરી : કોઇપણ સુવિધા ન હોય તેવા ગામોને અગ્રતાના ધોરણે આવરી લેવાશે**

ગાંધીનગર તા ૨૭

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ગ્રામ વિકાસ સદભાવના યોજના અન્વયે ગુડાના હદ વિસ્તારમાં ૨૫ જેટલા ગામોમાં માળખાગત સુવિધાના કામો હાથ ધરવામાં આવનાર છે. જેને અનુલક્ષી ગુડાએ માસ્ટર પ્લાન પણ તૈયાર કરી દીધો છે. જયારે ગામોમાં રસ્તા, પાણી અને ગટર સહીત આંગણવાડી, પંચાયત ઘર અને શાળાઓના બિલ્ડીંગ સહીતની કામગીરી હાથ ધરવા માટે ટેન્ડર પ્રક્રીયા પણ હાથ ધરી દેવામાં આવી છે. પરંતુ આ કાર્યયોજના અન્વયે કામગીરી શરૂ થતા હજુ એકાદ મહીના જેટલો સમય લાગશે

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ગુડાના હદ વિસ્તારમાં સ્થિત ૨૫ ગામોમાં માળખાગત સુવિધાના કામો હાથ ધરવા માટે કાર્યયોજના તૈયાર કરવામાં આવી છે. જયારે આ અન્વયે કામો શરૂ કરવા માટે હજુ પણ એકાદ મહીના જેટલો સમય લાગશે તેમ પણ જાણવા મળ્યુ છે. ગુડા દ્વારા ગ્રામ વિકાસ સદભાવના યોજના અન્વયે ગામોમાં પાણી ગટર, રસ્તા, સ્ટ્રીટ લાઈટ તેમજ પંચાયત ઘર, શાળાઓ અને આંગણવાડીના સમારકામ માટે પણ વિવિધ કામો હાથ ધરવાનુ આયોજન કરાયુ છે.

જયારે આ યોજના અન્વયે ગુડા વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાં પર્યાપ્ત સુવિધા ઉભી કરવા માટે એજન્સી દ્વારા સર્વે કરવામાં આવ્યા બાદ આ ગામોમાં માળખાગત સુવિધાના કામો હાથ ધરવા માટે પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે.

જયારે યોજનાનો અમલમાં મુકવા માટે આ કામો હાથ ધરવા માટે ટેન્ડર પ્રક્રીયા પણ હાથ ધરી દેવામાં આવી છે. ગ્રામ સદભાવના વિકાસ યોજના અન્વયે જે ગામોનો સમાવેશ કરાયો છે તે મુજબ શાહપુર, સરઢવ વલાદ, રૂપાલ, પ્રાંતિયા, પિરોજપુર, પુન્દ્રાસણ, પાલજ, કોલવડા પીંપળજ, લવારપુર, દશેલા, દોલારાણા વાસણા, ડભોડા ચિલોડા, નવા ધરમપુર, આલમપુર, આદરજમોટી, અડાલજ સહીતના ગામોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ગુડાના સુત્રોમાંથી મળતી માહીતી અનુસાર આ ગામોમાં ગટર લાઈન વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા, પીવાના પાણીની સુવિધા ઉપરાંત રસ્તા, સ્ટ્રીટલાઈટ, ઘન કચરાના નિકાલની વ્યવસ્થા ઉપરાંત આરોગ્ય સેવાઓ તેમજ આંગણવાડી, પંચાયત ઘર અને શાળાઓનુ સમારકામ સહીતની ગ્રામ પંચાયત હસ્તકની મિલકતોનુ નવિનીકરણ તેમજ ગ્રામ તળાવનુ બ્યુટીફિકેશન પણ કરવામાં આવશે આ ઉપરાંત ગામોમાં ઉદ્યાનોની રોનક પણ નિખરે તે મુજબની કામગીરી કરાશે જયારે આ યોજના અન્વયે જે ગામોમાં કોઈપણ પ્રકારની સુવિધા ન હોય તેવા ગામોને અગ્રતાના ધોરણે યોજના હેઠળ સમાવી લેવાશે આ યોજના અન્વયે ગુડાના બજેટમાં ખર્ચની જોગવાઈ પણ કરવામાં આવી છે.

જયારે આ યોજનાને અનુલક્ષી હાલ ગુડા દ્વારા વિવિધ ગામોમાં કામ હાથ ધરવા માટે ટેન્ડર પ્રક્રીયા પણ હાથ ધરવામાં આવી છે. જો કે ટેન્ડર પ્રક્રીયાના અંતે પણ આ કામગીરી શરૂ થતા હજુ પણ એકાદ મહીના જેટલો સમય લાગશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે.

# માણસાના વરસોડાની શાળામાં બે જુથો વચ્ચે હિંસક અથડામણ

**છોકરીની માથાકૂટમાં બે ગામ વચ્ચે અથડામણ : ગામના બાળકોમાં ઘટનાના ચાર દિવસ પછી પણ ફફડાટ, શાળામાં માત્ર ૫૫ ટકા બાળકોની હાજરી**

ગાંધીનગર તા.૨૭

માણસા તાલુકાનાં વરસોડા ગામની અનોપ કુંવરબા વિદ્યાલયમાં છોકરીની માથાકૂટે ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લેતાં રંગપુર અને ગુમના ગામનાં લબરમૂછીયાં ઈસમોનું જુથ સ્કૂલમાં ધસી ગયુ હતું. ચાલુ સ્કૂલમાં બન્ને જુથો વચ્ચે હિંસક અથડામણ થતાં સ્કૂલનાં અન્ય બાળકોમાં ભયનો માહોલ છવાઈ ગયો હતો. આ મામલે બન્ને સમાજના આગેવાનો દોડી આવતા મધ્યસ્થી કરીને પોલીસે મામલો થાળે પાડ્યો હતો. માણસા તાલુકાના વરસોડા ગામની અનોપ કુંવરબા સ્કૂલમાં ધોરણ ૬થી ૧૨ સુધીના વિધાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. આ સ્કૂલમાં આસપાસ ગામના રંગપુર, બદપુરા, ઈશ્વરપુરા અને ગુમના ગામના બાળકો પણ અલગ અલગ ધોરણમાં અભ્યાસ માટે આવે છે. આ સિવાય વરસોડા ગામના બાળકો પણ પણ આ સ્કૂલમાં ભણી રહ્યા હતા. ગુરુવારે રાબેતા મુજબ સ્કૂલમાં શિક્ષણ કાર્ય ચાલી રહ્યું હતું. એ દરમિયાન અચાનક જ રંગપુર અને ગુમના ગામના બે લબરમૂછીયાં ઈસમોનું જુથ લાકડી ધોકા જેવા હથિયારો લઈને સ્કૂલમાં ધસી આવ્યું હતું. છોકરીની માથાકૂટમાં બંને જુથો વચ્ચે ફિલ્મી ઢબે અથડામણ થતાં અભ્યાસ કરતા બાળકોમાં ભયનો માહોલ છવાઈ ગયો હતો. જ્યારે સ્કૂલના આચાર્ય અને શિક્ષકો પણ ચોંકી ઉઠયા હતા. ગામની સ્કૂલમાં બે જૂથો વચ્ચે અથડામણ થયાની વાત વહેતી થતાં વાલીઓ પણ સ્કૂલ પર દોડી ગયા હતા. આ બનાવની જાણ થતાં માણસા પોલીસની ટીમ પણ દોડી ગઈ હતી. આ અંગે માણસા પોલીસ મથકના ફોજદાર પરમારે જણાવ્યું હતું કે, છોકરીને મેસેજ મોકલવાની બાબતે રંગપુર અને ગુમના ગામના લબરમૂછીયાં ઈસમોનું જુથ ચાલુ સ્કૂલમાં ધસી ગયું હતું અને બંને વચ્ચે મારામારી થતાં ચારથી પાંચ લોકોને ઈજાઓ પણ થઈ હતી. ત્યારે બંને ગામના આગેવાનો પણ પોલીસ મથકે દોડી આવ્યા હતા. બાદમાં બંને કોમના આગેવાનો સાથે મેરેથોન બેઠક યોજીને સમાધાન કરાવ્યું હતું. હજી પણ બંને પક્ષે વાતચીતનો દોર ચાલુ રાખીશું. આ મામલે સ્કૂલના આચાર્ય ચાવડાએ જણાવ્યું હતું કે, છોકરી બાબતે બંને ગામના છોકરાઓ વચ્ચે માથાકૂટ થઈ હતી. જોકે, બંને પક્ષે સમાધાન થઈ ચૂક્યું છે અને સ્કૂલ રાબેતા મુજબ ચાલુ છે. આજે સ્કૂલમાં ૫૫થી ૬૦ ટકા વિદ્યાર્થીઓની હાજરી છે. ઉલ્લેખનીય છે કે ચાલુ સ્કૂલમાં જે રીતે જુથ અથડામણ થયું તેના કારણે ગામના બાળકોમાં ભયનો માહોલ છવાઈ જતાં આજે સ્કૂલમાં પાંખી હાજરી નોંધાઈ હતી

## આજથી MBA અને MCA ની પ્રવેશ કાર્યવાહી શરૂ

અમદાવાદ, તા.૨૭

સ્મ્છ અને MCA માં પ્રવેશ મેળવવો હોય તો આજે અમે તમને સીધી અને સરળ પ્રોસેસ બતાવવા જઈ રહ્યા છીએ. આવતીકાલે બપોરે એટલે કે ૨૮ જૂન ૨૦૨૨ મંગળવારે ૨ વાગ્યાથી MBA અને MCA ની પ્રવેશ કાર્યવાહી શરૂ કરાશે. એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સીસ દ્વારા સમગ્ર પ્રવેશ કાર્યવાહી ઓનલાઈન હાથ ધરાશે. જેમા MBA માટે ૧૨૫ કોલેજમાં ૧૨,૯૪૫ બેઠકો માટે પ્રવેશ કાર્યવાહી કરાશે અને MCA માટે ૬૦ કોલેજોમાં ૬,૦૦૧ બેઠકો પર પ્રવેશ હાથ ધરાશે. જે તે ઉમેદવારે ૨૭ જુલાઈ સુધીમાં પ્રવેશ માટે ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. પ્રવેશ સમિતિની વેબસાઈટ www.gujacpc.nic.in પર જઈ રજિસ્ટ્રેશનની કાર્યવાહી કરી શકાશે. MBA અને MCA માં પ્રવેશ મામલે સંસ્થાઓની માહિતી ૨૬ જુલાઈએ જાહેર કરાશે. જ્યારે ૩ ઓગસ્ટના રોજ પ્રોવિઝનલ મેરીટ લીસ્ટ જાહેર થશે. ૧૮ થી ૨૩ ઓગસ્ટ દરમિયાન પ્રથમ રાઉન્ડની ચોઈસ ફિલિંગ હાથ ધરાશે. એટલું જ નહીં, ૨૬ થી ૨૯ ઓગસ્ટ દરમિયાન ફી ભરીને ઉમેદવારે પ્રવેશ નિશ્ચિત કરવાનો રહેશે. ૧ સપ્ટેમ્બરથી પ્રથમ સત્ર માટે અભ્યાસ શરૂ થશે. MBA અને સ્ઝ્છમાં બીજા રાઉન્ડની પ્રવેશ કાર્યવાહી ૩ થી ૬ સપ્ટેમ્બર દરમિયાન હાથ ધરાશે. રાજ્યની કુલ ૪૦ યુનિવર્સિટી તેમજ બોર્ડમાંથી વર્ષ ૨૦૨૨ માં સ્નાતક પાસ થયેલા વિદ્યાર્થીઓ પ્રવેશ માટે લાયક રહેશે. જેમાં રાજ્યમાં વિવિધ જિલ્લા સ્તરે જુદી જુદી ૬૫ કોલેજોમાં સાયબર સેન્ટરની વ્યવસ્થા કરવામાં આવી છે.સરકારી અને અનુદાનિત બેઠકોની માન્ય બેઠકોની ૯૫ ટકા અને સ્વનિર્ભર સંસ્થાઓની ૫૦ ટકા બેઠકો માટે સ્નાતકની પરીક્ષા પાસ કરેલ હોય અને CMAT 2022માં ઉપસ્થિત રહ્યા હોય તેવા ઉમેદવારો લાયક ગણાશે. MBA અન MCAમાં પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓ www.jacpcldce.ac.in પરથી પ્રવેશ માટે લાયકાત, મેરિટની જોગવાઈન નિયમો, સંસ્થાઓની યાદી, ઉપલબ્ધ બેઠકોની યાદી, સાયબર સેન્ટરની વિગત, મેરીટની યાદી, કટ ઓફ માર્ક સહિતની જાણકારી મેળવી શકશે.